# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- (નોન રીફંડેબલ) ઓનલાઇન શરૂ થયા તા૨૩-૧૨-૨૦૨૫

ઓનલાઇન પૂર્ણ થવાની તા.૩૦-૧૨-૨૦૨૫

# ઓટોકેડ સોફ્ટવેર લાયસન્સની ખરીદીનું ટેન્ડર

## પૂર્વ લાયકાતની વિગતો

**બિડરે નીચે મુજબના પૂર્વ લાયકાતના દસ્તાવેજો ફરજીયાત રજુ કરવાના રહેશે.**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ, સરનામું પીન કોડ નં. સાથે તેમજ ડાયરેક્ટરના નામ/સરનામા.(લેન્ડલાઇન અને મોબાઇલ નંબર સહિત) | |
| ૨ | ટેન્ડર ફી અને EMD ભર્યાની વિગત:<br>(ડી.ડી. નંબર અને તારીખ) | ડી.ડી/પે ઓર્ડર નં.<br>તારીખ:<br>બેંકનું નામ: |
| ૩ | એજન્સીનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને તેનો નંબર (નકલ સામેલ રાખવી) | |
| ૪ | GST રજીસ્ટ્રેશનની નકલ સામેલ રાખવી. | |
| ૫ | Income Tax PAN નંબરની ઝેરોક્ષ નકલ સામેલ કરવી. | |
| ૬ | છેલ્લા ૩ વર્ષમાં બિડરે જે ઇજારા રાખ્યા હોય તે સંસ્થા તરફથી મળેલ વર્ક ઓર્ડરની નકલ. | |
| ૭ | એજન્સીએ માંગ્યા મુજબના ત્રણ નાણાંકીય વર્ષના ટર્નઓવરના દસ્તાવેજો સામેલ કરવા. (ટર્નઓવર વાર્ષિક રૂ.૨/- કરોડથી વધુ હોવું જોઇએ) | |
| ૮ | બિડર દ્વારા ઓટોડેસ્કનું તા.૩૧-૩-૨૦૨૬ ના સુધીના સમયગાળાના ઓથોરાઇઝેશન સર્ટીફીકેટની નકલ સામેલ રાખવી. | |
| ૯ | ઔડા કે અન્ય કોઇપણ સંસ્થા તરફથી એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકેલ હોય તો તેની વિગત. બ્લેક લીસ્ટમાં મુકેલ ન હોય તો એજન્સીના લેટરપેડ પર "એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકેલ નથી" તે બાબતનું પ્રમાણપત્ર આપવું. | |
| ૧૦ | ટેન્ડરમાં જણાવેલ બાકીના તમામ દસ્તાવેજોની નકલ સામેલ કરવી. | |

ઉપર જણાવેલી વિગતો અંગે જે માહિતી પુરી પાડવામાં આવેલ છે. તે માહિતી અને તમામ દસ્તાવેજો અમારી જાણ અને માન્યતા મુજબ સાચા છે તે અમો ખાતરીપૂર્વક જણાવીએ છીએ.

સ્થળ:

તારીખ: એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો

**નોંધ:**

(૧) આ પત્રક અલગ કવરમાં તમામ સાધનિક કાગળો સાથે બિડવું તેમજ કવર પર "**ઓટોકેડ સોફ્ટવેર લાયસન્સની ખરીદીનું ટેન્ડરના પૂર્વ લાયકાતના દસ્તાવેજો**" એમ લખવું.

(૨) આ પત્રક ભરતા અગાઉ ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી લેવી.

# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

**શરતો અને બોલીઓ:-**

સત્તામંડળ કચેરી દ્વારા ઓટોકેડ સોફ્ટવેર લાયસન્સની ખરીદી માટેની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

(૧) સદર કામગીરી માટે nProcure પોર્ટલ પર તમામ દસ્તાવેજો અને ભાવો તા૨૩-૧૨-૨૦૨૫ થી તા.૩૦-૧૨-૨૦૨૫ સુધી અપલોડ કરવાના રહેશે.

(૨) સદર ટેન્ડરની ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- (અંકે રૂપિયા બે હજાર ચારસો પુરા) નોન-રીફંડેબલ તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) તરીકે રૂ.૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) નો "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ" ના નામનો એકાઉન્ટ પેઇ ડીમાન્ડ ડ્રાફ્ટ પૂર્વલાયકાતના કવરમાં સામેલ કરી અત્રે મોકલી આપવાનો રહેશે.

(૩) ટેન્ડર ફી અને EMD નો એકાઉન્ટ પેઇ ડીમાન્ડ ડ્રાફ્ટ સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરીયર, રૂબરૂથી તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ૧૭-૦૦ કલાક સુધી અત્રેની કચેરીમાં પહોંચે તે રીતે "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪" એ સરનામે મોકલવાનું રહેશે. તે કવર પર " ઓટોકેડ સોફ્ટવેર લાયસન્સ ખરીદી અંગેના ટેન્ડરના પૂર્વલાયકાતના દસ્તાવેજો" એમ લખવાનું રહેશે. બિડરે તમામ ડોક્યુમેન્ટ nProcure પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે. બિડર દ્વારા અત્રે સીલબંધ પૂર્વલાયકાતના જે દસ્તાવેજો મોકલી આપવામાં આવશે તો તેને જ આખરી તથા માન્ય ગણવામાં આવશે. બિડરે સદર ટેન્ડરની તમામ શરતો અને બોલીઓ મંજુર છે તે માટે સંપૂર્ણ ટેન્ડરના તમામ પાન પર સહી સિક્કા સાથે nProcure પોર્ટલ પર અપલોડ કરવાનું રહેશે તથા સદર ટેન્ડર સાથે બિડેલ તમામ દસ્તાવેજો પર બિડરના સહી સિક્કા કરવાના રહેશે. જે તમામ બિડરોને માન્ય તથા બંધનકર્તા રહેશે.

(૪) નિયત સમયમર્યાદા બાદ મળેલ પૂર્વલાયકાતના દસ્તાવેજોના સીલબંધ કવરો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) સત્તામંડળ દ્વારા જે બિડરની પૂર્વલાયકાતની વિગતો સંતોષકારક હશે અને ટેન્ડર ફી અને EMD નો ડીડી મોકલી આપેલ હશે તે જ બિડરના nProcure પોર્ટલ પરના ભાવપત્રક ખોલવામાં આવશે.

(૬) સદર કામગીરીનું પ્રાઇઝબીડ ફક્ત ઓનલાઇન ભરવાના રહેશે. જો પ્રાઇઝબીડ ઓફલાઇન મોકલેલ હશે તો તે ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૭) બિડર દ્વારા ભરેલ ભાવોમાં સત્તામંડળને જરૂર જણાય તો નેગોસીએશન કરવાનો હક્ક રહેશે. જે તમામ બિડરને માન્ય રહેશે.

(૮) સદર સોફ્ટવેરનો વર્ક ઓર્ડર મળ્યાના દિન-૫ માં સદર સોફ્ટવેર ઇન્સ્ટોલ/અપડેટ કરવાના રહેશે. સત્તામંડળની જુદી જુદી શાખાઓ જે સ્થળે કામગીરી કરતી હોય ત્યાં બિડરે લાયસન્સ સ્પ્લીટ તથા મર્જ કરીને સંતોષકારક ઇન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. સદર ઇન્સ્ટોલ/અપડેટની કામગીરી સત્તામંડળની જયારે જરૂરીયાત ઉભી થાય ત્યારે વિના મુલ્યે કરી આપવાની રહેશે.

(૯) સત્તામંડળ દ્વારા સદર લાયસન્સ સમયગાળા દરમ્યાન વધુ લાયસન્સની માંગણી ઉભી થાય તો સદર મંજુર થયેલ ભાવે એજન્સીએ પુરા પાડવાના રહેશે. નવા લાયસન્સનો સમયગાળો સદર લાયસન્સની સાથેનો રહેશે. નવા લાયસન્સ માટેનું ચુકવણું એક્ટીવેશન થયાના તારીખથી લાયસન્સનો જે સમયગાળો બાકી હશે તેટલા જ સમયગાળાનું પેમેન્ટ ચુકવવામાં આવશે. સદર કામગીરી માટે વધારાનો કોઇ ખર્ચ ચુકવવામાં આવશે નહીં.

(૧૦) બિડરને મંજુર થયેલ ભાવ સિવાય અન્ય કોઇ વધારાનો ખર્ચ ચુકવવામાં આવશે નહીં.

(૧૧) સફળ થયેલ બિડર દ્વારા સદર આઇટમની મંજુર થયેલ કિંમતના ૫% લેખે સિક્યુરીટી ડીપોઝીટ ડીડીથી દિન-૭ માં ભરવાની રહેશે. સદર ડીડી "અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ" ના નામનો બનાવવાનો રહેશે.

(૧૨) સદર સિક્યુરીટી ડીપોઝીટ લાયસન્સનો સમયગાળો સંતોષકારક પૂર્ણ થયા બાદ સદર રકમમાંથી કોઇ ક્પાત કરવાની હશે તો તે રકમની કપાત કરીને જરૂરી મંજુરીઓ મેળવી ચુકવવામાં આવશે.

(૧૩) સદર સોફટવેરની કંપની તરફથી જે પણ અપડેટ આવે તેની સંપૂર્ણપણે ઇન્સ્ટોલેશનની કામગીરી ૪૮ કલાકમાં એજન્સી દ્વારા પૂર્ણ કરવાની રહેશે.

(૧૪) સદર સોફટવેરના લાયસન્સના સમયગાળા દરમ્યાન જયારે પણ સોફટવેર સબંધી કોઇપણ પ્રકારની ટેકનીકલ ખામી થાય તેનું સોલ્યુશન તથા અપડેટ ઇન્સ્ટોલેશન સત્તામંડળ કચેરી ખાતે તાત્કાલિક આવીને કરવાનું રહેશે. જો બિડર દ્વારા સદર કામગીરી ૪૮ કલાક સુધીમાં કરી આપવામાં નહીં આવે તો, બિડરે ૪૮ કલાક બાદ પ્રતિદિન રૂ.૧,૦૦૦/- પેનલ્ટીની રકમ રોકડે / ડીડીથી ફરજીયાત ભરવાની રહેશે. બિડરની સેવાઓ સંતોષકારક ન જણાય તેવા કિસ્સામાં સિક્યુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. જે બાબત બિડરને કબુલ મંજુર છે.

(૧૫) બિડરે ટેકનીકલ સપોર્ટ માટે એક સિનિયર ટેકનીકલ સપોર્ટ એન્જીનીયરનો મોબાઇલ નંબર તથા બિડરની કચેરીનો હેલ્પ ડેસ્ક નંબર ફરજીયાત આપવાનો રહેશે.

(૧૬) સદર આઇટમની કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ અમદાવાદ / ગાંધીનગરમાં હોવી જ જોઇએ. જેનું એસ્કેલેશન મેટ્રીક પુરૂ પાડવાનું રહેશે.

(૧૭) સદર સોફટવેરનીની સબંધિત અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જયારે પણ જેટલી વખત સત્તામંડળની જરૂરીયાત જણાય ત્યારે દિન-૩ માં તાલીમ આપવાની રહેશે.

(૧૮) સદર સોફટવેરના લાયસન્સ એક્ટીવ થયા બાદ અને એક તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ કુલ રકમના ૭૫% રકમનું ચુકવણું કરવામાં આવશે. ત્યારબાદ લાયસન્સ એક્ટીવના ત્રણ માસ બાદ બાકીની ૨૫% રકમનું ચુકવણું કરવામાં આવશે.

(૧૯) સત્તામંડળ પાસે કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ બિડોને સ્વીકારવા કે નકારવાનો અબાધિત અધિકાર રહેશે. જે અંગે કોઇપણ પ્રકારનો વાદ-વિવાદ ચલાવી લેવામાં આવશે નહીં.

(૨૦) બિડર દ્વારા ભરેલાં ભાવો જો મંજુર થાય તો તેમાં કોઇપણ તબક્કે ભાવ વધારો આપવામાં આવશે નહીં.

(૨૧) કોઇપણ વાદવિવાદમાં ન્યાયક્ષેત્ર અમદાવાદ શહેર જ રહેશે.

<u>**ખાસ સુચના:**</u> આ પાન પર બિડરે ઉપરોક્ત તમામ શરતો અને બોલીઓ માન્ય છે તે બાબતે એજન્સીનો રાઉન્ડ સીલ તથા એજન્સીના અધિકૃત અધિકારીશ્રીના સહી-સિક્કા કરીને અપલોડ કરીને અત્રે મોકલી આપવાનું રહેશે.

# Price Bid of Autocad Softwares

| No. | Name of Software | Number of License | Price Per License (Without GST) | GST in Rs.. | Total Amount in Rs. (With GST) |
|---|---|---|---|---|---|
| 1 | Autocade (LT) | 4 | | | |
| 2 | Autocade (Full Version) | 16 | | | |
| 3 | Autocade (AEC Collection) | 1 | | | |
| **Total Amount in Rs.** | | **21** | | | |

**Note:**

(1) Price bid must be submit online only. Do not submit this price bid with technical documents.
(2) In case of any bidder submit physical copy of price bid, it will be disqualified.